**વિભાગ તેમજ વિભાગ હસ્તકની ખાતાના વડાની કચેરીઓ માટે આઇ.ટી. સંબંધિત તમામ જરૂરિયાતોની ચાલુ બાબતને સને ૨૦૧૯-૨૦માં વહીવટી મંજૂરી આપવા બાબત.**

**ગુજરાત સરકાર**
**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ**
ઠરાવ ક્રમાંક : સકલ/૧૦-૨૦૧૮/૬૮૩૪૬૮/ઇ
બ્લોક નં. ૧૪, પાંચમો માળ, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૬/૦૪/૨૦૧૯

**વંચાણે લીધા :**

(૧) આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ દ્વારા મળેલ તા. ૦૩/૦૪/૨૦૧૯ની મંજૂરી.

**ઠરાવ :**

વિભાગ ખુદ તેમજ વિભાગ હસ્તકની ખાતાના વડાઓની કચેરીઓમાં આઇ.ટી. સંબંધિત તમામ જરૂરિયાતો માટે રૂ. ૧૦૦૦.૦૦ લાખ (અંકે રૂ. એક હજાર લાખ)ની ચાલુ બાબત તરીકે સને ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં જોગવાઇ કરેલ હતી. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે સદર બાબતને ચાલુ બાબત તરીકે નીચેની શરતોને આધિન ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો :**

(૧) આ યોજનાનો ખર્ચ તા. ૦૧/૦૪/૨૦૧૯થી કરવાનો રહેશે.
(૨) મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ, જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધિન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.
(૩) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે, પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.
(૪) આ અંગેનો ખર્ચ, રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતાં ઠરાવો/પરિપત્રો, ધારાધોરણોને આધિન અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.
(૫) આ મંજૂરી અન્વયે કરવાના થતાં ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.
(૬) પ્રસ્તુત કામે, ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક : એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ, તા. ૨૨/૧૧/૨૦૦૬ અને તા. ૦૮/૦૭/૨૦૧૧ના ઠરાવ ક્રમાંક : એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૫/ચ અન્વયે ઇ-ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઇઓની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૮) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) નિયમિત સમયે, ખર્ચ–વપરાશનાં પ્રમાણપત્રો સરકારશ્રીને રજૂ કરવાનાં રહેશે.

(૧૦) આ યોજના માટે નિયત કરવામાં આવેલ લક્ષ્યાંકો અંદાજપત્રીય જોગવાઇઓની મર્યાદામાં પૂર્ણ કરવાના રહેશે.

(૧૧) આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ અને ટેક્નોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૨) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૩) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

| પ્રકાર | જોગવાઇ ૨૦૧૯–૨૦ (રૂ. લાખમાં) | સદર |
|---|---|---|
| વિભાગ તથા વિભાગ હસ્તકની ખાતાના વડાઓની કચેરીઓ માટે આઇ.ટી. સંબંધિત તમામ જરૂરીયાતોની જોગવાઇની વહીવટી મંજૂરી | ૧૦૦૦.૦૦ | માંગણી ક્રમાંક –૨૧,<br>મુખ્ય સદર–૩૪૫૧ : સચિવાલય આર્થિક સેવાઓ,<br>ગૌણ સદર–૮૦૦ : અન્ય ખર્ચ,<br>પેટા સદર–૦૧ : પીડીએસ–૧૧ માહિતી અને પ્રૌદ્યોગિકી (મહેસૂલ) |

આ વહીવટી મંજૂરી સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગની તા. ૦૩/૦૪/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન. એચ. ઠક્કર)
સેક્શન અધિકારી અને જોઇન્ટ સી.આઇ.ઓ.,
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

(૧) નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાની કચેરી, બ્લોક નં. ૧૪, છઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગર.

(૨) નાયબ સચિવશ્રી અને સી.આઇ.ઓ, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૩) નિયંત્રકશ્રી, કાનુની માપ વિજ્ઞાન અને ગ્રાહક બાબતોની કચેરી, સેક્ટર-૧૧, બહુમાળી ભવન, ગાંધીનગર.

(૪) રજીસ્ટ્રારશ્રી, ગ્રાહક તકરાર નિવારણ કમીશન, "ગ્રાહક ભવન", ગોતા ક્રોસ રોડ, ગોતા, અમદાવાદ.

**નકલ રવાના :**

(૧) સંયુક્ત સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલ, ગાંધીનગર.

(૨) નાણાં સલાહકારશ્રી (અ.ના.પુ.), બ્લોક નં.-૫, ૩જો માળ, સચિવાલય, ગાંધીનગર.

(૩) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

(૪) રોકડ શાખા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (બે નકલ)

(૫) સેકશન અધિકારીશ્રી, બજેટ-શાખા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૬) સિસ્ટમ મેનેજરશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૭) સિલેક્ટ ફાઇલ.